# પ્રકરણ-૧૪ (નિયમ સંગ્રહ -૧૩)

## આપેલ રાહતો,પરમીટ કે અધિકૃત મેળવનાર ની વિગતો.

૧૪. ૧. **કાર્યક્રમનું નામ :- સીધા ધિરાણની યોજના**

૨. **પ્રકારઃ- (રાહત / પરમીટ / અધિકૃત )**

(સીધા ધિરાણની યોજનામાં લોન)

૩. **ઉદ્દેશઃ-** નિગમનો ઉદ્દેશ અને હેતુ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના નાગરીકોની ઉન્નતિ માટે આર્થિક અને નાણાંકીય મદદ કરી સ્વરોજગારી પુરી પાડવાનો છે.

૪. **નક્કી કરેલ લક્ષ્યાંકઃ** **વર્ષઃ-૨૦૧૯-૨૦**

| ક્રમાંક | યોજનાનું નામ | ભૌતિક લક્ષ્યાંક | નાણાંકીય લક્ષ્યાંક (રૂ.લાખમાં ) |
|---|---|---|---|
| ૧ | સીધા ધિરાણની યોજના (રાજ્ય સરકાર) | ૮૬૫ | ૧૬૫૦.૬૬ |
| ૨ | સીધા ધિરાણની યોજના (રાષ્ટ્રીય નિગમ) | ૮૫૭ | ૧૦૦૦.૩૮ |

૫. પાત્રતાઃ-

<u>સીધા ધિરાણની યોજનાઃ-</u>

(૧) અરજદાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવા જોઇએ.

(૨) અરજદારની ઉંમર ૨૧ વર્ષથી વધુ અને ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.

(૩) અરજદારના કુંટુંબની કુલ વાર્ષીક આવક રૂ. ૩,૦૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઇએ. પરંતુ રૂ.૧,૫૦,૦૦૦/- સુધીની આવક ધરાવતા અરજદારોને અગ્રતા આપવામાં આવશે.

(૪) અરજદારને ધંધા/વ્યવસાયનું જ્ઞાન હોવું જોઈએ

૬. **માપ દંડો :- ઉપર મુજબ.**

૭. **પૂર્વ જરૂરીયાતોઃ-**

**૮. લાભ મેળવવાની કાર્યપધ્ધતિ :-**

અત્રેના નિગમ ધ્વારા યોજના અંગેની જાહેરાત આપવામાં આવે છે.ત્યારબાદ ફોર્મ વહેંચણી કરવામાં આવે છે.ફોર્મ ભરાઈને આવ્યા બાદ ચકાસણી કરવામાં આવે છે. ત્યારબાદ લાભાર્થી પસંદગી સમિતિની મંજુરી બાદ સ્થળ ખાત્રી કરવામાં આવે છે અને રૂબરૂ મુલાકાત ગોઠવ્યા બાદ અરજદાર તથા જામીનોના ડોકયુમેન્ટસ કરવામાં આવે છે.ત્યારબાદ અરજદારને લોનના ચેક રજી.એ.ડી થી મોકલવામાં આવે છે.

**૯. રાહતની સમય મર્યાદા :- ૪ થી ૧૦ વર્ષ**

**૧૦. અરજીફોર્મ ની ફી** :-સીધા ધિરાણની યોજના વિના મૂલ્યે છે.

**૧૧.** અરજીફોર્મ નિગમની વેબ સાઇટ http://sje.gujarat.gov.in/gbcdc ઉપરથી ઉપલબ્ધ થઇ શકશે.

**૧૨. બિડાણોની યાદી :-સામાજીક** શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, ઉંમર અંગેના આધારોમાં સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ/જન્મ તારીખ અંગે જન્મનો પુરાવો, અને આધાર કાર્ડ. રેશન કાર્ડ, મતદાર યાદી કાર્ડ, અરજદારનો ફોટો.

**૧૩. બિડાણોનો નમૂનો :-** --

**૧૪. લાભાર્થીઓની વિગતોઃ-**

સીધા ધિરાણની યોજનામાં નિગમ કક્ષાએથી તથા જિલ્લા કક્ષાએથી માહિતી મળી રહેશે.

**૧૫. આપેલ લાભની વિગત :-**

સીધા ધિરાણની યોજનામાં પ્રકરણ ૧૩.(૧) થી ૧૩.(૯)

**૧૬. લાભોનું વિતરણ :-**

નિગમ કક્ષાએથી.